જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૩/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર, ૧ કાર અને ૩ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૩૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૩૬/૨૦૨૫**

નરોડાઃ કલ્પેશભાઇ સ/ઓ મફતલાલ પટેલ (રહે. રચના કન્સ્ટ્રકશન કંપનીની ઓફીસ પાટીયા નરોડા) એ તા.૩૦/૦૩/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા બે માસથી તા.૨૭/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ચિરાગ ઠાકોર (૨) કાર્તિક ઠાકોર (બન્ને રહે.મફતનગર બેઠક નરોડા) એ ભેગા મળી નરોડા પાટીયા ખાતે નવા બનતા બ્રીજ ખાતેથી લોખંડના સળીયા, સ્ટીલની રીંગ તેમજ લોખંડની સેટરીંગ પ્લેટો મળી કુલ કિમત રૂપિયા ૩,૩૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૪૩૭/૨૦૨૫**

નારોલઃ ધર્મેશભાઇ લીલાભાઇ ચુનારા (ઉ.વ.૩૦) (રહે. મનમંદીર રો–હાઉસ ભમરીયા ગામ નારોલ) તા.૨૩/૦૩/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘેર ગેસની સગડી ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસ લીકેજ હોવાથી ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એસ.વી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૩/૨૦૨૫ સાંજના ૫/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૪૩૮/૨૦૨૫**

રાણીપઃ પુનમબહેન વા/ઓ સંજયભાઈ રાવળ (ઉ.વ.૨૯) (રહે.ન્યુ પ્રેમનગરનાં છાપરાં રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૩/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૩/૨૦૨૫ કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયમલભાઇ પુંજાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી